# એસ.વી. પ્રી- સ્કૂલના બાળકો 'ફાયર સ્ટેશન'ની મુલાકાતે



ગાંધીનગર,તા.૦૮

શહેરની પ્રતિષ્ઠિત સંસ્થા સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત એસ.વી.ઇંગ્લિશ મીડિયમ પ્રી-સ્કૂલના જૂનિયર અને સીનિયર કે. જી.ના બાળકોને સેક્ટર-૧૭ સ્થિત 'ફાયર સ્ટેશન'ની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા, જ્યાં ફાયર સ્ટેશનના સ્ટાફે તેમને ઉમળકાભેર આવકાર્યા હતા. સબ ફાયર ઓફિસર શ્રી કે. જે. ગઢવી સાહેબે પોતે અંગત રસ લઈને ફાયર સ્ટેશનના દરેક વાહનો બાળકોને બતાવી, તેની કામગીરી અને ઉપયોગિતા વિષે ઉંડાણપૂર્વક સમજણ આપી હતી. ત્યારબાદ, ઉંચા બિલ્ડિંગમાં આગ લાગે, તો કેવી રીતે તે આગ કાબૂમાં લેવાય, તેનો ડેમો હોર્સ પાઈપનો ઉપયોગ કરીને,પાણીના ફુવારા દ્વારા બતાવ્યો હતો, જે જોઈને બાળકો ખૂબ જ રોમાંચિત થઈ ગયા હતા. આ માહિતિપ્રદ મુલાકાતની પરવાનગી આપવા બદલ શાળા પરિવારે સબ ફાયર ઓફિસર શ્રી અને તેમના સ્ટાફ મિત્રોનો આભાર માન્યો હતો.

# ક્લાર્કની પરીક્ષા માટે બહાર ગામના ઉમેદવારો ઉમટ્યા

**ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાત તરફથી આવતી તમામ એસ.ટી. બસો ફૂલ : શહેરના તમામ ગેસ્ટહાઉસ-હોટલોમાં ઉમેદવારોનો ઉતારો : સમાજની વાડીઓ-હોસ્ટેલો પણ ફૂલ**

ગાંધીનગર, તા. ૮

જુનિયર ક્લાર્કની પરીક્ષા શહેરના વિવિધ કેન્દ્રો પરથી લેવામાં આવશે. પરીક્ષા માટેની તૈયારીઓ તંત્રએ પુર્ણ કરી દીધી છે. ઘણા ઉમેદવારોના નંબર ગાંધીનર આવ્યા હોવાથી ઉમેદવારો બપોર બાદથી જ મોટી સંખ્યામાં ગાંધીનગર આવવા લાગ્યા હતા. ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત તરફથી આવતી મોટાભાગની એસ.ટી. બસો એકદમ ફૂલ આવતી હતી. કેટલાય ઉમેદવારો ખાનગી વાહનો કરીને ગાંધીનગર પહોંચ્યા હતા. સામાન્ય દિવસોમાં ઓછી ચહેલપહેલ ધરાવતા બસસ્ટેન્ડમાં ભારે ભીડ જોવા મળી હતી. મોડી સાંજે પથિકાશ્રમની આસપાસ ઉમેદવારોનો જાણે મેળાવડો જામ્યો હતો. ઉમેદવારોની સંખ્યા વધતા શહેરના લગભગ તમામ ગેસ્ટહાઉસ હોટલોમાં બુકીંગ ફૂલ થઈ ગયુ હતુ. આ ઉપરાંત સમાજની વાડીઓ અને હોસ્ટેલોમાં બુકીંગ ફૂલ થઈ ગયુ હતુ. આ ઉપરાંત નજીક અથવા શહેરમાં રહેતા સગા-સબંધીઓના ઘરે પણ ઉમેદવારો ઉતર્યા હતા. ક્લાર્કની ભરતી મોટી હોવાથી ઉમેદવારોમાં ભારે ઉત્સાહ છે. વળી વારંવાર પેપરો ફુટતા ઉમેદવારોમાં નિરાશા વ્યાપી હતી. આખરે ક્લાર્કની પરીક્ષા યોજાઈ રહી હોવાથી ઉમેદવારો ઉત્સાહી બન્યા છે. ગાંધીનગરના વિવિધ કેન્દ્રો પરથી લગભગ ૩૮ હજારથી વધુ ઉમેદવારો પરીક્ષા આપશે.

બહારગામથી આવેલા ઉમેદવારોના કારણે શહેરના ખાણી-પીણી બજારમાં પણ ભીડ જોવા મળી હતી. ખાણી-પીણીના માર્કેટમાં તો જાણે તડાકો પડ્યો હતો. રીક્ષાવાળા અને ખાનગી વાહનોવાળાને પણ તડાકો પડ્યો હતો.

## ક્લાર્કની પરીક્ષા માટે બોડીવોર્ન કેમેરાનો ઉપયોગ કરાશે

જુનિયર ક્લાર્કની પરીક્ષા જાણે હાઈ પ્રોફાઈલ બની છે વારંવાર ફૂટતા પેપરો બાદ આખરે ૯મી એપ્રિલે ભારે સુરક્ષા વચ્ચે જુનિયર ક્લાર્કની પરીક્ષા યોજાશે. આ પરીક્ષામાં પોલીસ બોડીવોર્ન કેમેરાનો ઉપયોગ કરશે.

જુનિયર ક્લાર્કની પરીક્ષાના પેપરો અવારનવાર ફૂટતા પરીક્ષાની જવાબદારી બાહોશ અધિકારી હસમુખ પટેલને સોંપાઈ છે. આખરે ૯મી એપ્રિલે રાજ્યભરમાં જુનિયર ક્લાર્કની પરીક્ષા લેવાશે. જેમાં ૯ લાખથી વધુ ઉમેદવારો પરીક્ષા આપશે. પરીક્ષા દરમ્યાન ચાંપતી નજર રાખવા પોલીસ દ્વારા બોડીવોર્ન કેમેરાનો ઉપયોગ કરવામાં આવશે. કોઈ જાહેર પરીક્ષામાં બોડીવોર્ન કેમેરાનો ઉપયોગ થયો હોય તેવો આ પહેલો પ્રસંગ હશે.

# વિદ્યાર્થીઓનુ મનોબળ મજબૂત બનાવવા પોલીસ દ્વારા સરાહનીય કામગીરી

ગાંધીનગર, તા. ૮

જુનિયર ક્લાર્કની પરીક્ષા માટે ઉમેદવારો સહિત સમગ્ર તંત્રએ તડામાર તૈયારીઓ કરી છે. ગાંધીનગર પોલીસે એક નવતર પ્રયોગના ભાગરૂપે શહેરના વાંચનાલયો અને ગ્રંથાલયોમાં ફરીને વિદ્યાર્થીઓની મુલાકાત લીધી હતી અને તેમનુ મનોબળ મજબૂત બનાવ્યુ હતુ.

આ ઉપરાંત રીક્ષાચાલકોને પણ ઉમેદવારો પાસેથી વધુ ભાડુ ન વસુલવા સમજાવ્યા હતા. ગાંધીનગર સહિત સમગ્ર ગુજરાતમાં જુનિયર ક્લાર્કની પરીક્ષા લેવાઈ રહી છે. ઉમેદવારો પરીક્ષા કેન્દ્રો જવા રવાના થઈ ચૂક્યા છે.

જુનિયર ક્લાર્કની પરીક્ષા હાઈ પ્રોફાઈલ બની ગઈ હોય તેમ સમગ્ર તંત્ર કામે લાગી ગયુ છે. પોલીસે વિદ્યાર્થીઓને જરાય અસુવિધા ન ભોગવવી પડે તે માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે. ગાંધીનગર પોલીસે તો ઉમેદવારોનુ મનોબળ મજબુત બનાવવા નવતર પ્રયોગ કર્યો છે. ગાંધીનગરમાં ઘણા ઉમેદવારો પરીક્ષા આપવાના હોઈ ઉમેદવારો છેલી ઘડીની તૈયારીમાં લાગી ચૂક્યા છે. વાંચનાલયો અને ગ્રંથાલયોમાં યુવાનો વાંચનમાં ગળાડુબ બન્યા છે. પોલીસની ટીમે વાંચનાલયો અને ગ્રંથાલયોની મુલાકાત લીધી હતી અને વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી તેમની સમસ્યાઓ જાણી હતી. પોલીસે વિદ્યાર્થીઓનુ મનોબળ મજબૂત બને તે માટે સલાહ સૂચનો આપ્યા હતા. આ ઉપરાંત પોલીસે રીક્ષાચાલકોને મળીને તેમને સમજાવ્યા હતા કે પરિસ્થિતિનો ગેરફાયદો ન ઉઠાવે અને ઉમેદવારો પાસેથી વધુ ભાડુ ન વસુલે. માનવતા દર્શાવી ઉમેદવારોને ગંતવ્ય સ્થાને પહોંચાડે.

# વિનામૂલ્યે શુદ્ધ આહાર એ દરેકનો અધિકાર અને તેનું કેન્દ્ર એટલે "નિઃશુલ્ક આહાર કેન્દ્ર"



ગાંધીનગર લોકસભા સાંસદ અને કેન્દ્રીય ગૃહ તથા સહકાર મંત્રી માન.શ્રી અમિતભાઈ શાહ સાહેબની પ્રેરણાથી તુલસી વલ્લભ નિધિ દ્વારા સિવિલ હોસ્પિટલ, ગાંધીનગર ખાતે શરુ કરવામાં આવેલ નિઃશુલ્ક આહાર કેન્દ્ર ખાતે શ્રી અમિતભાઈ શાહ સાહેબના પુત્રવધુ શ્રીમતી રિશિતાબેન શાહ તથા ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ ની તથા ગાંધીનગર મહાનગરના પદાધિકારીઓ, કાર્યકર્તા મિત્રો સાથે દર્દીઓ, તેમના સગાઓને ભોજન પીરસવાનો તેમજ દર્દીઓની સારવાર અંગેની માહિતી મેળવવાનો તેમજ ખબરઅંતર પૂછી તેમના અભિપ્રયોગ જાણવાનો અવસર પ્રાપ્ત થયો.

# "સાબરમતી કોલિંગ" અંતર્ગત યુવાનોએ હાથ ધર્યુ સ્વચ્છતા અભિયાન



ગાંધીનગર, તા.૦૮

ગાંધીનગરમાં કેટલાંક જાગૃત યુવાનોના "સદગમય" ગૃપ દ્વારા આજે સવારે ૭.૩૦થી ૮.૩૦ દરમ્યાન શહેરના સુપ્રસિદ્ધ ધોળેશ્વર મહાદેવ પાસે નદીના પટમાં "સાબરમતી કોલિંગ" નામનું સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ અભિયાનમાં ગૃપના યુવાનોએ શાહપુર બ્રિજ નીચેથી ચાર કોથળાં ભરીને પ્લાસ્ટિક સહિતનો કચરો એકત્ર કર્યો હતો. આ કાર્યમાં ગૃપના અક્ષયભાઈ, ધ્રુવભાઈ, જીગ્નેશભાઈ, નરેન્દ્રભાઈ, દેવભાઈ તથા નૃપેન્નભાઈ જોડાયાં હતાં. કચરો એકત્ર કર્યા બાદ યુવાનોએ મહાનગરપાલિકાના વેસ્ટ કલેક્શન વિભાગને જાણ કરી હતી જેને તંત્રએ પણ સારો પ્રતિસાદ આપવા સાથે યુવાનોએ એકત્ર કરેલો કચરો લેવા માટે તુરંત જ વેસ્ટ કલેક્શન વાન મોકલી દીધી હતી જેને યુવાનોએ એકત્રિત કચરો સુપરત કર્યો હતો. "સાબરમતી કોલિંગ" નામના આ સ્વચ્છતા અભિયાનમાં "આપણું એક પગલું પ્રકૃતિ માટે"ના ઉત્તમ વિચાર સાથે સદગમયયુવાનોએ એકત્રિત કચરો સુપરત કર્યો હતો. "સાબરમતી કોલિંગ" નામના આ સ્વચ્છતા અભિયાનમાં "આપણું એક પગલું પ્રકૃતિ માટે"ના ઉત્તમ વિચાર સાથે સદગમય ગૃપના યુવાનોએ ખરેખર પ્રસંશનીય અને અન્ય યુવાનો માટે અનુકરણીય કામગીરી કરી હતી.



મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન સંચાલિત શ્રી સ્વામિનારાયણ મંદિર, બોડિદ્રાબુઝર્ગના ૯મા પ્રતિષ્ઠોત્સવની ઉલ્લાસભેર ઉજવણી કરાઈ હતી.

# અમદાવાદમાં હવે BRTSના રૂટ પર રખડતા ઢોરની રંજાડ

અમદાવાદ,તા.૮

શહેરમાં લોકોને રોજબરોજ કનડતી સમસ્યાની વાત કરીએ તો રખડતાં ઢોરનો પ્રશ્ન સૌથી મોખરે ચર્ચાતો રહ્યો છે. અમદાવાદમાં ઠેરઠેર બેઠેલાં રખડતાં ઢોરને જોઈ બહારગામના મુલાકાતીઓ આશ્ચર્યચકિત થાય છે. શહેરનો એક પણ વિસ્તાર રખડતાં ઢોરની રંજાડથી મુક્ત નથી. આ સમસ્યાનો જો અંત નથી આવ્યો તો તેનાં અનેક કારણ છે. અમુક રીતે કેટલાક પશુપાલકો પણ રખડતાં ઢોરના ત્રાસ માટે જવાબદાર છે, જોકે મ્યુનિસિપલ કોર્પોરેશનના ઢોર ત્રાસ અંકુશ નિવારણ વિભાગ દ્વારા જ્યાં-ત્યાં ખુલ્લેઆમ રખડતાં ઢોરને પકડી તેને ઢોરવાડે પૂરવાની કામગીરી સતત હાથ ધરાય છે. હવે તંત્રના સત્તાવાર આંકડા મુજબ ગત નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ ૧૯ હજારથી વધુ રખડતાં ઢોર પકડી લેવાયાં હોઈ આ એક પ્રકારે તંત્રની પ્રશંસનીય કામગીરી છે.

અમદાવાદમાં રખડતાં ઢોરની અડફેટે ચઢીને છાશવારે નાના-મોટા અકસ્માત થઈ રહ્યા છે. રોડની વચ્ચોવચ સર્કલ પર, ફૂટપાથ પર, રોડ ડિવાઈડરની બાજુમાં, શાકમાર્કેટ કે તંત્રના કચરાના સ્પોટની આસપાસ રખડતાં ઢોરનો જમેલો જોવા મળે છે. આ રખડતાં ઢોરની ઝપટમાં આવીને શાકમાર્કેટમાં આવતી મહિલાઓ, વૃદ્ધો અને ટુ વ્હીલરચાલકો ઈજાગ્રસ્ત થતાં આવ્યાં છે. શહેરીજનોને રખડતાં ઢોરના ત્રાસથી છુટકારો મળતો નથી. હાઈકોર્ટે પણ આ સમસ્યાને ગંભીરતાથી લીધી છે. અનેક વખત પશુપાલકો તેમનાં ઢોરને રસ્તા પર છોડી દે છે. રસ્તા પર છોડાયેલાં ઢોર તેમના પેટનો ખાડો પૂરવા જ્યાં-ત્યાં કચરાને ફેંદે છે અને પ્લાસ્ટિક સહિતના કચરાને આરોગવા માટે વિવશ બને છે. આવો ઝેરી કચરો ખાવાથી સ્વાભાવિક રીતે ગાય માંદી પડતી હોઈ અમુક પશુપાલકો તેને નધણિયાતી છોડી મૂકે છે. સમી સાંજે શાકભાજી ખરીદવા નીકળતી ગૃહિણીઓ માથે રખડતાં ઢોર લટકતી તલવાર જેવાં બનતાં આવ્યાં છે. શાકમાર્કેટમાં કંઈક ખાવા મળશે તેવી લાલચમાં દોડી આવતાં ઢોર શાકભાજી લેવા આવતી ગૃહિણીઓ અને બાળકો માટે જોખમી બને છે, જોકે મ્યુનિ. તંત્ર દરરોજ રખડતાં ઢોરને પકડવાની કામગીરી કરી લોકોને તેના આતંકથી બચાવવાની કોશિશ કરતું આવ્યું છે.

# આજે રાજયમાં ૯.૫૮ લાખ ઉમેદવારો જુનિયર ક્લાર્કની પરીક્ષા આપશે

**ગુજરાત પરીક્ષા અધિનિયમ ૨૦૨૩ કાયદાના અમલી પહેલી મોટી સ્પર્ધાત્મક પરીક્ષા : રાજ્યમાં ૩ હજાર જેટલાં પરીક્ષા કેન્દ્રો ઉપર પરીક્ષા યોજાશે : પોલીસ "બોડી વોર્ન કેમેરા" સાથે ચાંપતી નજર રાખશે : તમામ ઉમેદવારોની વીડિયોગ્રાફી કરવામાં આવશે : ઉમેદવારોને ૧૧.૪૫ પહેલાં જ પરીક્ષા કેન્દ્રો પર પંહોચી જવા હસમુખ પટેલની સલાહ**

ગાંધીનગર, તા. ૦૮

ગુજરાતમાં સ્પર્ધાત્મક પરીક્ષાના પેપર ફોડવા સામે કડક જોગવાઈઓ સાથે નવા ગુજરાત પરીક્ષા અધિનિયમ ૨૦૨૩ કાયદાના અમલી બન્યાં પછી પહેલીવાર આવતીકાલે રાજ્યમાં વર્ગ-૩ જુનિયર ક્લાર્કની ૧૧૦૦થી વધુ જગ્યાઓ માટે પરીક્ષા યોજાવવાની છે. રાજ્યમાં ૩ હજારથી વધુ પરીક્ષા કેન્દ્રો ઉપર ૯.૫૮ લાખ ઉમેદવારો જુનિયર ક્લાર્કની પરીક્ષા આપશે. ગુજરાત પંચાયત પસંદગી સેવા મંડળના ચેરમેન હસમુખ પટેલે જણાવ્યું હતું કે, દરેક પરીક્ષા ખંડમાં સીસીટીવી કેમેરા ગોઠવવામાં આવ્યાં છે.

પરીક્ષા દરમ્યાન ઉમેદવારોને મુશ્કેલી ન પડે તે માટે બોર્ડ સઘળાં પ્રયાસો કરાયાં છે. હવે ડમી ઉમેદવાર કેન્દ્ર સુધી નહીં પહોંચી શકે તેમને ઓળખી કાઢવા માટે તંત્રએ જડબેસલાક વ્યવસ્થા ગોઠવી છે. પરીક્ષા કેન્દ્ર સંકુલો અને પરીક્ષા ખંડો સુધી પંહોચવાની લોબીમાં સીસીટીવી કેમેરા લગાડાયાં છે.પરીક્ષા કેન્દ્રો પર પોલીસ "બોડી વોર્ન કેમેરા" સાથે ચાંપતી નજર રાખશે અને આ વખતે જો કોઈ ઉમેદવાર ગેરરીતિ આચરતો કે પેપર લીક કરતો જણાશે તો તેની ખેર નથી. આ સાથે તેમણે ઉમેદવારોને ૧૧.૪૫ પહેલાં જ પરીક્ષા કેન્દ્રો પર પંહોચી જવા વિનંતી કરી હતી.

ગુજરાત વિધાનસભના બજેટ સત્રમાં સરકારે પેપરલીકના વિરોધમાં ગુજરાત પરીક્ષા અધિનિયમ ૨૦૨૩ કાયદો પસાર કર્યો છે અને આ કાયદાના અમલી બન્યા બાદ પહેલીવાર રાજ્યમાં સૌથી મોટી જુનિયર ક્લાર્કની સ્પર્ધાત્મક પરીક્ષાઓ તા. ૯ એપ્રિલ રવિવારના યોજાવા જઇ રહી છે. અગાઉ પેપર ફુટવાની સર્જાયેલી હારમાળા વચ્ચે રવિવારે ગુજરાત પંચાયત સેવા પંસદગી મંડળ દ્વારા જુનિયર ક્લાર્કની પરીક્ષા યોજાશે. આવતી કાલે જુનિયર ક્લાર્કની પરીક્ષામાં રાજ્યના ૯.૫૮ લાખ ઉમેદવારો રાજ્યના ૩ હજાર કેન્દ્રો પર પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. આજે જીપી એસએસબીના ચેરમેન હસમુખ પટેલ જણાવ્યું હતું કે રાજ્યના ૩૨ જિલ્લામાં ૫૦૦થી વધુ સ્કવોડ પરીક્ષાની તમામ ગતિવિધિઓ પર બાજ નજર રાખશે. પરીક્ષા આપવા આવતા તમામ ઉમેદવારોની વીડિયોગ્રાફી કરવામાં આવશે તેમજ દરેક પરીક્ષા કેન્દ્રો પર પોલીસનો ચુસ્ત અને ચાંપતો બંદોબસ્ત રહેશે. પરીક્ષા કેન્દ્રો પર નિયુક્ત અધિકારીઓ, કર્મચારીઓને ટ્રેનિંગ આપવામાં આવી છે. તેમણે જણાવ્યું છે કે રાજયમાં અનેક સેવાભાવી નાગરિકો અને સ્વૈચ્છિક સેવાકીય સંસ્થાઓએ આ સમયે ઉમેદવારો માટે રહેવા અને જમવાની વ્યવસ્થા કરી છે.

પોલીસ વિભાગ અને એસટી વિભાગે પણ સંપૂર્ણ તૈયારી કરી લીધી છે.

દરેક પરીક્ષા કેન્દ્રમાં ઉમેદવારોના પ્રવેશ સમયે પોલીસના બોડી ઓન કેમેરાથી વિડિયો રેકોર્ડિંગ કરાશે. ગુજરાત પરીક્ષા અધિનિયમ ૨૦૨૩ કાયદો આ પરીક્ષામાં લાગુ થશે. આ પરીક્ષામાં પોલીસ અને જિલ્લાનું સમગ્ર પ્રશાસન સક્રિય રહેશે." આ સાથે તેમણે જણાવ્યું હતું કે "એટીએસ દ્વારા જે ૩૦ ઉમેદવારોની અટકાયત કરવામાં આવી છે તે ઉમેદવારો પણ જો પરીક્ષા આપવા ઈચ્છે તો પરીક્ષા આપી શકશે."

## પરીક્ષાખંડમાં સ્માર્ટ વોચ, મોબાઈલ કે કેલ્ક્યુલેટર લઈ જવા પર પ્રતિબંધ

જુનિયર ક્લાર્કની પરીક્ષાના ઉમેદવારો માટે બોર્ડના ચેરમેન હસમુખ પટેલે કેટલીક સુચનાઓ આપી છે જે અનુસાર ઉમેદવારોએ ૧૧.૪૫ પહેલાં જ પરીક્ષા કેન્દ્ર પર પહોંચી જવા જણાવ્યું છે. ઉમેદવારોએ વર્ગખંડની અંદર અડધો કલાક પહેલાં પહોંચી જવાનું રહેશે તે પછી કોઈ પણ ઉમેદવારને પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ આપવામાં આવશે નહીં. ઉમેદવારોએ પરીક્ષા કેન્દ્રની અંદર ઉમેદવાર પેન, ઓળખ કાર્ડ(ચૂંટણી કાર્ડ, આધાર કાર્ડ, પાન કાર્ડ અને ડ્રાઈવિંગ લાઈસન્સ) અને કોલ લેટર આ ત્રણ વસ્તુ સિવાય ઉમેદવાર કશું લઈ જઈ શકશે નહીં. આ સાથે ઉમેદવારને તેના બૂટ-ચંપલ કઢાવીને ચેકિંગ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે અને વર્ગખંડની અંદર જતા પહેલાં ઉમેદવારોના બૂટ-ચંપલ પણ કઢાવી લેવામાં આવશે. પરીક્ષા કેન્દ્રો પર સ્માર્ટ વોચ, મોબાઈલ કે કેલ્ક્યુલેટર જેવા કોઈ પણ ઉપકરણો લઈ જવા પર પ્રતિબંધ મુકાયો છે.

# નર્સિંગ કોલેજમાં યોગ-પ્રાણાયામ થકી વર્લ્ડ હેલ્થ ડે ઉજવાયો







ગાંધીનગર, તા. ૦૮

દિવસેને દિવસે સમાજમાં યોગ-પ્રાણાયામ પ્રત્યે જાગૃતિ વધતી જઇ રહી છે. ગાંધીનગરના સેક્ટર-૧૨માં સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં સ્થિત સી. એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગ ખાતે આજે "વર્લ્ડ હેલ્થ ડે" નિમિત્તે એસએનએ અને એનએસએસ કમિટીના મેમ્બર રશ્મિબેન, પ્રિયાબેન અને સોયેબ ખોખર દ્વારા ગુજરાત રાજ્ય યોગ બોર્ડના સહયોગથી યોગ-પ્રાણાયામનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં રાજ્ય યોગ બોર્ડના યોગ કો-ઓર્ડિનેટર ભાવનાબેન જોશી તથા તેમની ટીમ દ્વારા ૧૯૦ વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી મેમ્બર્સને યોગાસન કરાવવામાં આવ્યાં હતા. સાથે સાથે આ કાર્યક્રમમાં કોલેજના પ્રિન્સિપાલ ડૉ. રાજેશ રાવલ, વાઈસ પ્રિન્સિપાલ ભાવીષા પટેલ તથા બીજા સ્ટાફ સભ્યોએ પણ ભાગ લીધો હતો. યોગ ટ્રેનર ભાવનાબેન જોષીએ કાર્યક્રમમાં સમજાવ્યું હતું કે "યોગાસન કરવાથી શરીરનો થાક દુર થાય છે તથા શરીર અને મનને તાજગી મળે છે, તેની સાથે પાચનતંત્ર પણ મજબુત બને છે અને આધ્યાત્મિક લાભ થાય છે."